# ચાઈલ્ડ પ્રોટેક્શન કોન્ફરન્સો
# માતાપિતાઓ અને કેરરો માટે માહિતી
# Child Protection Conferences
# Information for parents and carers

**ચાઈલ્ડ પ્રોટેક્શન કોન્ફરન્સ એટલે શું?**

તે કોઈ બાળકને નુક્સાન થવાનું જોખમ હોવાની વ્યવસાયિકોને ચિંતા હોવાને કારણે ભરવામાં આવતી એક મીટિંગ હોય છે.

ચાઈલ્ડ પ્રોટેક્શન કોન્ફરન્સ ત્યારે ભરવામાં આવે છે જ્યારે વ્યવસાયિકો એવો નિર્ણય લે કે માહિતીની આપલે કરવા માટે એક મીટિંગ કરવી જરૂરી છે, જેથી સમસ્યાઓ શું છે અને બાળકનું રક્ષણ કરવા માટે શું કરી શકાય તેમ છે તે વિશે દરેક જણને બહેતર સમજણ મળી શકે. આ મીટિંગનો ઉદ્દેશ માતાપિતાઓ અને કેરરો (બાળકની સંભાળ રાખનારાંઓ)ને તેમનાં બાળકોની સલામતીપૂર્વક સંભાળ રાખવામાં મદદ કરવા માટે તેમની સાથે મળીને કામ કરવાનો છે.

**ચાઈલ્ડ પ્રોટેક્શન કોન્ફરન્સમાં કોણ હશે?**

તમારા બાળકના સોશિયલ વર્કર ત્યાં હાજર હશે, તે ઉપરાંત બીજાં પણ લાગતાંવળગતાં લોકો, જેમ કે તમારા બાળકના હેલ્થ વિઝિટર અને શિક્ષક પણ ત્યાં હશે. પોલીસ ઓફિસર પણ કદાચ હાજર રહી શકે.

કોને બોલાવવામાં આવ્યા છે તે તમને કહેવામાં આવશે. તમે મીટિંગમાં આવો તે ઘણું જ અગત્યનું છે જેથી તમે તમારા બાળક અને તમારા કુટુંબ વિશેની માહિતીની ત્યાં આપલે કરી શકો અને સાંભળી શકો.

આ કોન્ફરન્સ ત્રણ કલાક જેટલી લાંબી ચાલી શકે છે આથી કૃપા કરીને ખાતરી કરશો કે જે દિવસે સવારે કે બપોરે કોન્ફરન્સ હોય ત્યારે તમારે બીજે ક્યાંય જવાનું ન હોય. કોન્ફરન્સ થઈ રહી હોય તે દરમ્યાન જો બાળકનું ધ્યાન રાખવા માટે તમને કોઈ મદદની જરૂર હોય તો તમારે તમારા બાળકના સોશિયલ વર્કરનો સંપર્ક કરવો જોઈએ.

જો તમને જરૂર પડે તો અમે હંમેશાં દુભાષિયાની સગવડ પૂરી પાડીએ છીએ.

**કોન્ફરન્સમાં તમે શું અપેક્ષા રાખી શકો છો?**

કોન્ફરન્સ પહેલાં તમે સોશિયલ વર્કરના રીપોર્ટની એક નકલ જોઈ હોવી જોઈએ. કોન્ફરન્સના અધ્યક્ષ એક સ્વતંત્ર વ્યક્તિ હશે. તેમનું કામ, તમારા સહિત દરેક જણને બોલવાની અને પ્રશ્નો પૂછવાની તક આપવામાં આવે છે તેની ખાતરી કરવાનું છે. તેઓ એ વાતની પણ ખાતરી કરશે કે હવે પછી શું થશે તે વિશે કોન્ફરન્સમાં કેટલાક સ્પષ્ટ નિર્ણયો લેવામાં આવે.

**તેના પછી શું થશે?**

જો કોન્ફરન્સમાં એવું નક્કી કરવામાં આવે કે તમારા બાળકની સુરક્ષા માટે ચાઈલ્ડ પ્રોટેક્શન પ્લાન (બાળકનું રક્ષણ કરવા માટેની યોજના) આવશ્યક છે, તો ચાઈલ્ડ પ્રોટેક્શન પ્લાન તૈયાર કરવા માટે અને દરેક વ્યક્તિએ પોતે જે કામ કરવાનું કહ્યું હોય તે તેઓ કરે છે તેની ખાતરી કરવા માટે એક કોર ગ્રુપ બનાવવામાં આવશે. તમે તે કોર ગ્રુપનો એક ભાગ હશો.

જો કોન્ફરન્સમાં એવું નક્કી કરવામાં આવે કે ચાઈલ્ડ પ્રોટેક્શન પ્લાન બનાવવો જરૂરી નથી, પરંતુ તમને અને તમારા બાળકને ટેકાની જરૂર છે, તો તમારા બાળકના સોશિયલ વર્કર એક 'ચાઈલ્ડ ઈન નીડ' નામે ઓળખાતી એક કાર્ય યોજના બનાવશે.

**તમારા અધિકારો**

તમે ઈચ્છો તો સોલિસિટર પાસેથી સલાહ મેળવવા માટે તમે હકદાર છો.
તમારા વિસ્તારમાં આવેલા અને કૌટુંબિક મામલાઓમાં નિષ્ણાત સોલિસિટરોની યાદી તમારા સ્થાનિક સિટિઝન્સ એડવાઈઝ બ્યૂરો પાસેથી મેળવી શકાય છે.

**અન્ય માહિતી અને સલાહ**

જો તમે કોઈ સ્વતંત્ર સલાહ મેળવવા ઈચ્છતાં હો તો કૃપા કરીને સંપર્ક કરો

The Family Right's Group
2nd Floor, The Print House,
18 Ashwin Street,
E8 3DL

ફોનઃ 020 7923 2628 (ઓફિસ)
ફોનઃ 0800 731 1696 (હેલ્પલાઈન)
ફેક્સઃ 020 7923 2683
ઈમેઈલઃ office@frg.org.uk
વેબઃ www.frg.org.uk

**ફરિયાદો**

તમારા બાળકનું જેવી રીતે રક્ષણ કરવામાં આવી રહ્યું હોય તેનાથી જો તમે ખુશ ન હો, તો તે વિશે તમારે હંમેશાં તમારા બાળકના સોશિયલ વર્કર સાથે વાતચીત કરવી જોઈએ. જો તમને હજુ પણ ચિંતા હોય, તો તમે ફરિયાદ કરી શકો છો. આ કરવા માટે, કૃપા કરીને ક્વોલિટી એન્ડ ઈમ્પ્રુવમેન્ટ યૂનિટનો 020 8356 5800 પર અથવા children.complaints@hackney.gov.uk પર સંપર્ક કરો.

**અમારો સંપર્ક કરવો**

Children and Young People's Services
Hackney Council,
Hackney Service Centre
1 Hillman Street
London,
E8 1DY
ફોનઃ 020 8356 5000
www.hackney.gov.uk